તા. ૨૧.૦૪.૨૦૨૫

સંદેશ, પાના નં. ૦૫

### ચાર કરોડથી વધુ શહેરીજનોએ મુસાફરી કરી

# મેટ્રોને એક વર્ષમાં ૪૫.૩૧ કરોડની રેકોર્ડબ્રેક આવક થઈ

। અમદાવાદ ।

અમદાવાદ મેટ્રો ટ્રેનમાં તા.૩૧ માર્ચ સુધીનાં ૧૨ માસમાં ૪.૧ કરોડ મુસાફરોએ મુસાફરી કરી હતી જેના થકી મેટ્રોને ૪૫.૩૧ કરોડની જંગી વાર્ષિક આવક થવા પામી છે. જે અત્યાર સુધીની સૌથી વધુ આવક માનવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, મોટેરા ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાતી મેચને કારણે પણ મેટ્રોને ખાસ્સી આવક થાય છે.

**નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાતી ક્રિકેટ મેચને કારણે પણ રોકડી થઈ**

વર્ષ ૨૦૨૪ના એપ્રિલ માસમાં ૨૮.૫૧ લાખ મુસાફરોએ મેટ્રોની મુસાફરી કરી હતી. મે માસમાં ૩૧.૨૩ લાખ, જુન માસમાં ૨૮.૧૨ લાખ, જુલાઈમાં ૩૨.૧૬ લાખ, ઓગષ્ટમાં ૩૧.૭૬ લાખ, સપ્ટેમ્બરમાં ૩૫.૮૮ લાખ, ઓક્ટોબરમાં ૩૫.૦૫ લાખ, નવેમ્બરમાં ૩૧.૧૩ લાખ, ડિસેમ્બરમાં ૩૫.૮૯ લાખ તેમજ વર્ષ ૨૦૨૫માં જાન્યુઆરીમાં ૪૦.૨૨ લાખ, ફેબ્રુઆરીમાં ૩૪.૪૯ લાખ અને માર્ચમાં ૩૬.૩૧ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી. જેના થકી મેટ્રો ટ્રેનને ૪૫ કરોડથી વધુની આવક થવા પામી હતી.